


## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ફકત એ લોકને અર્પણ છે દિલ મારૂ કલા મારી,
ગઝલ વાંચન વિના સમજે છે જેઓ વેદના મારી.
હજુ તુજથી વફાની આશ રાખે છે વફા મારી,
પછી સાંભળજે હમણાં તો અધૂરી છે કથા મારી.
મને ઓ દોસ્તો એ વાતમાં મજબૂર ના કરજો,
કે મારા હોઠ પર આવીને અટકી જાયે હા મારી.
હરીફોને આ મારો રંગ કાંટા જેમ ખટકે છે,
કે હું શબનમ નથી તોયે છે ફૂલોમાં જગા મારી.
હું માનું કે ન માનું એની એ પરવા નથી કરતો,
સમય જ્યારે પડે છે લાજ રાખે છે ખુદા મારી.
મહોબ્બતમાં અને વહેવારમાં એક જ તફાવત છે,
તમારું દર્દ હું પૂછું તમે પૂછો દવા મારી.

- 'મરીઝ'

### પાથેય

# શહેનશાહી મજા

વાંચનની વિરાસત હોય છે.માણસે મુદ્રણકળાની શોધ કરી એ પહેલાં હસ્તલિખિત પરંપરાનો એક યુગ હતો.કુશળ લહિયાઓ કલમ અને કિત્તાથી શબ્દો કંડારતા.વીર કવિ નર્મદના પિતા લાલશંકર દવે આવા જ એક લહિયા હતા.એમના વિશે "મારી હકિકત " આત્મકથામાં એણે લાગણીસભર રીતે લખ્યું છે..એ પછી બીંબાં અને બ્લોક થકી મુદ્રણનો યુગ આવ્યો..મરોડદાર અક્ષરથી આજના મોબાઈલ પેડ સુધી વાંચવાનો આનંદ વ્યકત થતો રહયો છે. ઘણા લોકો બુકવૉર્મ હોય છે.એનો ગુજરાતી તરજુમો પુસ્તકીયો કીડો થાય..પણ એ બરાબર જામતું નથી..આપણે ત્યાં આવા લોકોને અઠંગ વાચક કહે છે.વાંચવું એમના માટે અનિવાર્ય હોય છે.પેટની ભૂખ હોય એવી જ વાંચનની પણ ભૂખ હોય છે.

મોટા ભાગે લોકો ધાર્મિક કે વ્યવસાયને લગતું વાંચે છે..ઘણા કોમિક કે ગોસીપ ટાઈપનું વાંચે છે.એનો પણ અલગ પરિતોષ છે.વાંચવું એ જ આમ તો મોટો સદગુણ છે.પરંતુ તમારે નિજાનંદની અનુભૂતિ કરવી હોય તો ઈતરવાચનની ટેવ પાડવી પડે. આપણે જયારે મનગમતું પુસ્તક વાચીએ છીએ ત્યારે આપણી કલ્પનાશકિત ખીલી ઉઠે છે..આપણા વિચારોનું દોહન થાય છે..અને આપણી સંવેદનાને કોઈ ચોકકસ મુકામ મળે છે..આપણી કલ્પનાઓનાં કમાડ ખુલી જાય છે.. એ રીતે જોઈએ તો વાંચવું એ ઉર્ધ્વગામી આયાસ છે..એક શિષ્ટ પ્રકારનો શોખ છે.. માત્ર સદવાચનના કારણે આયખાની કરવટ બદલાઈ ગઈ હોય એવા અનેક કિસ્સા છે..દરેક વાચકને એનું મનગમતું પુસ્તક હોય છે..એની સાથેનો ઘરોબો હોય છે. .એકનું એક પુસ્તક જિંદગીના જુદા જુદા તબકકે વાંચતાં જુદી જુદી અનુભૂતિ થાય છે.. વાચનનો શોખ સરળ છે પણ એની મજા શહેનશાહી છે... વાંચવા માટે એકાંત અપેક્ષિત છે પરંતુ અનિવાર્ય નથી..ગમે ત્યાં વાંચી શકાય છે...એને કોઈ કનેકટીવીટી કે નેટ સુવિધાની જરૂર નથી..દુનિયાનો સૌથી સસ્તો શોખ આ છે, જે સૌથી વધુ ફળાઉ છે..! કહેવાય છે કે એકલો માણસ હંમેશાં બહુમતિમાં હોય છે..એમ એકલો વાચક હંમેશાં રાજામહારાજા હોય છે.. તલ્લીનતાનો તારસ્વર લાગી જાય તો પુસ્તકનું પરીશિલન અવર્ણનિય આનંદ આપે છે..કોઈપણ વ્યકિત શું વાંચે છે એની યાદી ઉપરથી એ માણસ ની કુંડળી કાઢી શકાય છે..એના વ્યક્તિત્વનો વ્યાપ પામી શકાય છે.. માણસના મનોભાવોનું નિદાન કરી શકાય છે.

વાચન સાત્વિક હોઈ શકે..ટાઈમપાસ હોઈ શકે,ઉપયોગી હોઈ શકે..પ્રત્યાયન માટે હોઈ શકે..પરંતુ એ કયારેય નકામું નથી હોતું.સોશ્યલ મિડિયાના આજના યુગમાં વાચનરસ ઘટયો જરૂર છે પણ લુપ્ત થયો નથી..આજેપણ અવનવાં પુસ્તકો આવતાં રહે છે..નવાનવા લેખકો નો પ્રાદુર્ભાવ થતો રહે છે...પુસ્તકો એ આપણો આશાવાદ છે.. લખવું એ કદાચ લક હોઈ શકે..વ્યકત કરવું એ વિશેષતા હોઈ શકે, પરંતુ વાંચન આપણો અબાધિત હક છે.!વાચન એક એવો યોગ છે જેનો પ્રયોગ રોજિંદા આપણા જીવનને તાજગીપ્રદ બનાવે છે..આપણી ચેતનાને જયોતિર્મય બનાવે છે..વાચનનું વરદાન એ ઈશ્વરે કરેલું મહામુલું પ્રદાન છે...જાત સાથેનું અનુસંધાન છે...

# "તાત્પર્ય", મોહમ્મદ માંકડના ચિંતનનો નિચોડ...

આજકાલ મોટીવેશનલ વાર્તાલાપો અને મોટીવેશનલ ગુરુઓની ચોતરફ બોલબાલા છે.માણસને એકવિધતાનો અભિશાપ લાગેલો છે.લોકો માત્રને માત્ર યંત્રો સાથે જીવતા રહે છે.પોતાની અંદરની સંવેદનાને ઢંઢોળે એવાં કલા,સાહિત્ય કે સંગીતથી એ વિમુખ થઈ ગયો છે.આજુબાજુ જોઈએ તો તણાવો, સંઘર્ષો,અકસ્માતો,ચોરી લૂંટફાટ જેવા નકારાત્મક આવિષ્કારો જ જોવા મળે છે.આ બધાના મૂળમાં માણસ દિશાવિહીન છે ,એ કારણ? જવાબદાર છે.જીવનમાંથી મહેનત, પરિશ્રમ, ચાલવું, વાંચન કરવું,આ બધું દૂર થતું ગયું છે.આજનો માણસ એવો સહારો શોધે છે કે પોતાને કોઈ સમજે.પોતાનો કોઈ પથદર્શક બને.આપણી ભાષાના લેખક મોહમ્મદ માંકડ,પોતાની કોલમ "કેલિડોસ્કોપ" થકી આવા મોટીવેશનલ લેખો લખીને બે ત્રણ પેઢીના વાચકો સુધી મોટીવેશનલ માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા છે.એમના અવસાન પછી આજે પણ આ કોલમના લેખો એટલા જ લોકપ્રિય છે.એમાંથી ચૂંટેલા લેખોનો સંગ્રહ "તાત્પર્ય" નામે પ્રસિદ્ધ થયો છે.આ પુસ્તક એક સાચા રાહબર અને પથદર્શકની ગરજ સારે એવું છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં લેખક વાચકોને ટપારતાં કહે છે"મનુષ્ય એ માત્ર પ્રાણી નથી.મનુષ્ય પોતાની જાતને સદાય સંસ્કારતો રહ્યો છે.અને એ રીતે મનુષ્યપ્રાણીમાંથી મનુષ્ય બન્યો છે.."આ પુસ્તક એવાં યુવક-યુવતીઓ ,સ્ત્રી-પુરુષો માટે છે, જેઓ ગઈકાલ કરતાં આજે વધુ સારાં બનવાની કોશિશ કરતાં હોય છે..

આટલી ટકોર સાથે લેખક પોતાના વૈવિધ્યસભર વાંચન,મનન તેમજ સુંદર ઉદાહરણો સાથેના ૫૫ જેટલા લેખો આ પુસ્તકમાં આપે છે.પ્રત્યેક લેખના શિર્ષકો પણ એટલાં જ પ્રેરક છે.પુસ્તકમાંથી પસાર થતા ઠેર ઠેર એવી વાંચન સામગ્રી મળે છે જે આજના યુવા પેઢીને ખૂબ જ ઉપયોગી થાય એવી છે.શિર્ષકોની એકાદી ઝલક જોઈએ એક લેખનું શીર્ષક છે "ઈર્ષાનું ઝેર એના સંઘરનારને જ ખતમ કરી નાખે છે.બીજા એક લેખનું શિર્ષક છે, "માણસો જેવા હોય તેવા સ્વીકારીને તેમની સાથે જીવતાં શીખીએ" એક લેખનું શિર્ષક છે"જીવવા માટે સ્વાર્થ નહિ,સહકાર પણ જરૂરી છે"એક ટાઈટલમાં ખૂબ જ સુંદર વાત કરે છે. એ કહે છે કે"જીવનના વાહનની ગતિને નિયંત્રણમાં રાખો.જીવવા માટેનું શેડ્યુલ બહુ ટાઈટ ના રાખશો.એક લેખનું શિર્ષક છે"માણસાઈની અમરવેલ"




આમ વૈવિધ્યસભર શિર્ષકોસાથે લેખકના ચિંતનજગતમાં વિહરવાનો એક અનેરો અવસર આ પુસ્તક પૂરો પાડે છે.તાત્પર્ય એટલે કોઈ પણ વસ્તુનો નિચોડ,હેતુ અથવા તો સમગ્ર વાતનો સાર.. પુસ્તક એ લેખકના સમગ્ર ચિંતનના તાત્પર્ય રૂપ છે.

લેખક મોહમ્મદ માંકડ માકડ સિદ્ધહસ્ત વાર્તાકાર તરીકે જાણીતા છે.ઉપરાંત એમણે સુંદર નવલકથાઓ પણ લખી છે.જેમાં એમની "અશ્વદોડ" નામની નવલકથા ખૂબ જ લોકપ્રિય થયેલી.એમણે "સંદેશ" અખબારમાં "કેલિડોસ્કોપ" નામની કોલમ પાંચ દાયકાઓ સુધી લખી છે.અડધી સદી સુધી સળંગ ચાલેલી આ અઠવાડિક કોલમ ગુજરાતી અખબારી જગત તેમજ સાહિત્ય જગતમાં એક અનોખી ઘટના છે.લેખક પાસે વિશાળ વાંચન છે.જાહેરજીવનનો અનુભવ છે. તીવ્ર સંવેદનશીલતા છે.અને પોતાનું મૌલિક ચિંતન છે.શબ્દો એમને સહજ સ્ફૂરે છે.પોતે સિદ્ધ હસ્ત લેખક હોવાથી પોતાની વાત કે ચિંતનને રજૂ કરવામાં ક્યાંય કોઈ તકલીફ પડતી નથી.એ સરેરાશ વાચકની નાડને બરાબર પારખે છે.કોઈ ભારેખમ શબ્દાવલી કે અલંકારો વગર માર્મિક લાગતી વાતને પણ બહુ સહજ રીતે રજૂ કરે છે.એમના લેખો વાચકને રોજિંદી જિંદગીના પ્રશ્નો અને મૂંઝવણને દૂર કરવામાં સહાયરૂપ થાય એવા છે.કેટલાંક અદભુત અવતરણો એમને હાથવગાં છે.લેખને અનુરૂપ ઉદાહરણ આપવામાં લેખક બેમિસાલ પુરવાર થાય છે..

કોઈપણ કામને સમયસર કરવાની બાબતના લેખના અંતમાં એ બહુ સરસ વાત કરે છે."એક વિખ્યાત કહેવત યાદ રાખજો મૂર્ખાઓ તૈયાર થવામાં એટલી વાર લગાડે છે કે પૂરી તૈયારી કરીને જ્યારે બજારમાં પહોંચે છે ત્યારે બજાર ઊકલી ગયું હોય છે.એવું કામ જે માત્ર તમે જ કરી શકો છો."સુંદર ઉદાહરણો સાથે એ પોતાની વાતને પુષ્ટ કરે છે.એક પ્રાર્થના એ ટાંકે છે જેમાં કહેવાયું છે કે "એ ઈશ્વર જેને બદલી શકાય તેમ ન હોય તેનો સ્વીકાર કરવાની સ્વસ્થતા,જેને બદલી શકાય તેમ હોય એને બદલવાની હિંમત અને બંને વચ્ચેનો ભેદ પારખી શકવાનું ડહાપણ તું અમને આપ"

કોઈ વ્યક્તિની જિંદગી સંપૂર્ણ સભર હોતી નથી.અને એ રીતે દરેક માણસને પોતે મૌલિક હોવા માટેના દાખલાઓ સાથે સુંદર વિચારો આપે છે."કોઈપણ વ્યક્તિ ગમે તેવી મોટી હોય કે નાની.ધનવાન હોય કે ગરીબ. એક યા બીજા પ્રકારની ઊણપ તો એની જિંદગીમાં રહેવાની જછે.જિંદગીની પોતાની એક ખાસિયત છે.એનો પ્યાલો એ રીતે જ ભરેલો છે.એને અડધો ખાલી ગણવો કે,અડધો ભરેલો ગણવો એ આપણે જોવાનું છે.અને એ સ્થિતિ જોઈને દુ:ખી થવું જે સુખી થવું એ આપણે નક્કી કરવાનું છે.એક અનય લેખમાં એ કહે છે કે "સુખ માટે તપ કરવું પડે છે.ખુશીઓ એમ સહેલાઈથી મળી શકતી નથી આજના આધુનિક માનવીમાં એક જ વસ્તુ ખૂટે છે.સુખ મેળવવા માટે મુશ્કેલીઓ સહન કર્યા વિના છૂટકો જ હોતો નથી. સુખ પ્રાપ્ત કરવા માટેનું એ તપ છે.પરંતુ આધુનિક માનવીમાં એ સહન કરવાની ધીરજ જ નથી

આજના જમાનાને અનુરૂપ એક અદભુત લેખ આ સંગ્રહમાં છે.એમાં લેખક કહે છે કે માણસો જેવા હોય તેવા સ્વીકારીને તેમની સાથે જીવતાં શીખીએ આ એક મોટી વાત છે. આપણા મોટા ભાગે ફરિયાદ કરતાં કહેતા હોઈએ છીએ અમુક માણસ સાથે મને બનતું નથી.અમુક માણસ મજાનો નથી?લેખક આપણને સરસ સલાહ આપે છે "જિંદગીમાં એકબીજા સાથે જીવતાં શીખીએ. કોઈએ સાચું કહ્યું છે કે માણસને પણ શાહુડી જેવા કાંટા હોય છે.એકબીજાની બહુ નજીક જઈએ ત્યારે એ વાગે છે.જે માણસો આપણી નજીક હોય તેની ખામીઓ આપણને વધુ દેખાય છે.અને તેમનો કાંટો વાગે ત્યારે આપણે અકળાઈ જઈએ છીએ. પણ આપણે જાણવું જોઈએ કે, કાંટા વિનાની કોઈ શાહુડી હોય એ શક્ય જ નથી.લિંકન કહે છે તેમ દરેક ઘોડામાં કંઈકને કંઈક ખામી તો હોય જ છે. એકમાં એક પ્રકારની.તો બીજા પ્રકારની.અને એવું જ માણસોનું છે. એટલે એ ખામીઓ સ્વીકારીને જ જીવવામાં મજા છે.કોઈની સાથે દલીલ કરીએ ત્યારે શું યાદ રાખવું જોઈએ એ માટેની સરસ ટીપ્સ આપે છે.એ કહે છે કે ઉગ્ર દલીલો અને ઝઘડા કરતાં પ્રેમ અને મૈત્રી વધારે સારાં પરિણામો નીપજાવી શકે છે.!

કોઈકની નિંદા કે કૂથલી કરવી અથવા ગપ્પાં મારવા એ મોટાભાગના માણસોની કુટેવ હોય છે. એ માટે સરસ ચિંતન રજૂ થયું છે." ગપ્પું એ માણસના પોતાના ડર,અસલામતી, મહત્વાકાંક્ષા,નિરાશા અને ગુનાહિત મનોદશાનું પ્રતીક હોય છે.માણસની પોતાની ચિંતા ઘણીવાર ગપ્પાં રૂપે પ્રગટ થતી હોય છે.ભલભલા માણસો ગુના હેઠળ પકડાઈ જાય છે ત્યારે ભલભલાને ઘર ચલાવવામાં મુશ્કેલી પડે છે.અથવા તો અમુક માણસ દેવાળું ફુંકવાનો છે,એવી વાતો વ્યક્તિની પોતાની ચિંતાના પ્રતિબિંબ જેવી હોય છે.અને ગપ્પા મારવાની આ આહલાદક પ્રક્રિયામાં સ્ત્રી અને પુરુષ બંનેનો હિસ્સો લગભગ સરખો જ છે. પણ એના સંશોધનમાં એક વિચિત્ર વાત એ જોવા મળી છે કે નવરા અને ફુરસદવાળા માણસો કરતાં કામમાં રોકાયેલા કામગરા માણસો વધારે ગપ્પાં મારે છે.આપણી સામાન્ય માન્યતાથી આ તદન જુદી વસ્તુ છે"

આજના આજના માણસની મહત્વની જો કોઈ તલાશ હોય તો એ છે નિરાંતે.એ કઈ રીતે મળી શકે? માણસ બહુ વિચિત્ર રીતે વર્તે છે એના વર્તનમાં ઘણા બધા વિરોધાભાસો જોવા મળે છે એ દંબરહિત ક્યારેય જીવી શકતો નથી એના આયોજનો હંમેશા ઉંધાચત્તા હોય છે.પ્લેટો એ એવું મતલબનું કંઈક કહ્યું છે કે માણસ જમવા બેસે છે ત્યારે સાંજનો પણ વિચાર કરતો નથી કે,તેને સાંજે ફરીવાર જમવાનું છે.પરંતુ મકાન બનાવે છે ત્યારે સેકડો વર્ષોનો વિચાર કરે છે.અને એવું પાકું મકાન બનાવવાનો વિચાર કરે છે કે તેની સાત પેઢી સુધી તે જળવાઈ રહે.આમ જોઈએ તો માણસ જાત મૂર્ખ છે કે બુદ્ધિશાળી તેની ખબર જ પડી શકતી નથી!

સમગ્ર પુસ્તક એક પ્રવાહી શૈલીમાં ચાલે છે.વિષય વૈવિધ્ય ભરપૂર છે.વર્ષોના લેખનનો નિચોડ એમાં ભરેલો છે.આજે જ્યારે મોટીવેશનલ સેમિનારો કે પ્રેરણાત્મક પ્રવચનો થકી ઉપરચોટિયો ઉપચાર થતો હોય ત્યારે કસાયેલી કલમે લખાયેલા આ લેખો વાચકને ભીતરથી તરબતર કરી દેવા માટે અસરકારક નીવડે એવા છે. પ્રેરણાત્મક લખો લખવા જેટલા સરળ દેખાય છે એટલા એ સરળ હોતા નથી તે માટે વિશાળ વાંચન,મૌલિક ચિંતન.તેમજ શબ્દોની સજાવટ સાથે વાચકને જકડી રાખે એવી શૈલી જરૂરી છે."તાત્પર્ય" ના લેખો આ તમામ? બાબતો સાથે વાચકને પરિતૃપ્તિ આપે એવા છે.

- rrthakkar2@g.mail.com

# સાપ્તાહિક રાશિફળ (તા. ૨૯-૦૭-૨૩ થી ૦૪-૦૮-૨૦૨૩ સુધી)

૧. મેષ રાશિ (અ.લ.ઈ.)

આ સપ્તાહ આપને આપની ઈચ્છા અને મહત્ત્વાકાંક્ષાઓ સંતોષવાની ઈચ્છા થાય. જો કે આરોગ્યને હાનિ થાય કે બિમારી આવે. માથાનો દુ:ખાવો થાય દરેક કામમાં ચિંતા થાય અને નિષ્ફળતાનો ભય સતાવે, જેઓને ધંધો કરવો છે તેને ભાગીદાર મળે. આવક થાય. મકાન, વાહનના પ્રશ્નો, સરકારી કામ ઉકલે. સંતાન અંગે શુભ પરિણામ મળે. શેરસટ્ટામાં શુભ, નાનીયાત્રા થાય. ભાગ્યોદય થાય. સામાજિક કામોમાં અપયશ. દાંપત્ય સુખાકારી સારી. વ્યસાયમાં શુભ પરિણામ મળે. નોકરીયાત માટે સારા સમાચાર મળે. વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં જોમજુસ્સાથી આગળ વધો. જરૂરીયાતમંદોને દાન કરવું. પીપળાનું પૂજન કરવું.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)

આ સપ્તાહ આપની તંદુરસ્તી બરકરાર રહેશે. જો કે આવક કરતાં ખર્ચનું પલ્લું ભારે રહેશે. આપને સઘળી બાબતે ભાઈ-ભાંડુ સહકાર આપે. આપના પરિણામમાં વધારો થાય. મકાન વાહન વગેરે સુખાકારી વધે. નવી ખરીદી થાય. દાંપત્યજીવન સારું રહે. સુખમાં વધારો થાય. નાની યાત્રા થાય. જલઘાતથી બચવું. ભાગ્યોદયમાં વિલંબ થાય. જોકે જબરદસ્ત અંતઃસ્ફુરણા વધે. શુભકાર્યમાં ખર્ચ થાય. સ્ત્રીઓ માટે ધાર્મિક કાર્ય થાય. નોકરીયાતો માટે પ્રગતિજનક. વિદ્યાર્થી માટે પરદેશનું આયોજન થાય. ગણપતિ મંદિરે દર્શન કરવા.

૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)

આ સપ્તાહ આપની તંદુરસ્તી સારી રહે. આંખોની કાળજી લેવી. આપના પરાક્રમમાં વધારો થાય. ભાઈ-ભાંડુનો સહકાર મળે. મકાન, વાહન જેવી સંપત્તિનું આયોજન થાય. સંતાન તરફથી મદદ મળે. સુખમાં વધારો થાય. લોન-કરજ લઈ શકો. દાંપત્ય જીવનમાં સુખાકારી વધે. ભાગીદારીમાં સહયોગ મળે. નાની યાત્રા થાય. ભાગ્યોદયમાં હજુ વિલંબ જણાય. જો કે વ્યવસાયમાં શુભ સમય પસાર થાય. સામાજીક કામો થાય. જાહેર ક્ષેત્રમાં સમ્માન વધે. વિદ્યાર્થીઓ માટે મહેનતનું ફળ મળે. નોકરીયાત માટે પ્રમોશનનો લાભ પ્રાપ્ત થઈ શકે. કુળદેવીની ઉપાસના કરવી.

૪. કર્ક રાશિ (ડ.હ.)

આ સપ્તાહ આપની શરીર સુખાકારી વધે. તન-મનમાં જુસ્સો વધે. નાણાંકીય સ્તરે આવક વધે. આવકના સ્ત્રોત વધે. ભાઈ-ભાંડુની મદદ ન મળે. પરાક્રમનો અભાવ.સંતાન તરફથી સહકાર સેવા મળે. મકાન વાહન સુખમાં વધારો કરી શકાય. મોસાળ તરફથી લાભ, લોન, કરજ બેંકમાંથી મળી રહે. મોસાળથી શુભ સમાચાર મળે. નાની યાત્રા થાય. ધંધામાં લાભ થાય. દાંપત્ય સુખમાં વધારો. અકસ્માતથી બચવું. સાહસ પરાક્રમ ન કરવા. યાત્રામાં કાળજી લેવી. વિદ્યાર્થીઓ માટે પરિણામ પ્રાપ્ત કરી શકાય. નોકરીયાત માટે નાણાંકીય લાભ મળે. પૂનમમાં દિવસે ઉપાસના કરવી.

૫. સિંહ રાશિ (મ.ટ.)

આ સપ્તાહ આપને ફળદાયક નીવડશે. ઉત્સાહ અને પરાક્રમ વૃદ્ધિ થાય. તંદુરસ્તી જાળવવા બહારનું જમવું નહિ. નાણાંકીય દષ્ટિએ સમય સાનુકૂળ હોઈ નવી જ કાર્ય કરી શકો. નવા અવસર પ્રાપ્ત થાય. ખાસ કરી વ્યવસાય માટે સમય સાનુકૂળ છે. લાભ વૃદ્ધિ થાય. વૈભવ સુખ વધે. માતાની સેવા વધુ કરવી. આરોગ્ય જળવાય. લોન-કરજ માટે પ્રયત્ન સફળ થાય. ભાગીદારથી ચેતવું. સ્ત્રી વર્ગ માટે સામાન્ય સમય. નોકરીયાત માટે નવા આયોજન થાય. વિત્તવૃદ્ધિ થાય. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસ માટે શુભ સમય.




૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)

આ સપ્તાહ આપને માટે અનુકૂળ અને ફળદાયક રહેશે. ભાગ્યનો સાથ મળે. નેતૃત્વના ગુણોનો વિકાસ થાય. સ્વાસ્થ્ય સામાન્ય રહે. ઉદરરોગથી બચવું. વાહન, અગ્નિ, વીજળીથી સાવધ રહેવું. નાણાંકીય દષ્ટિએ સમય સામાન્ય પસાર થાય. નોકરીમાં ઉપલબ્ધ પ્રાપ્ત થાય. મન પ્રસન્ન રહે. ખર્ચમાં વૃદ્ધિ થાય. ભાઈ ભાંડુ સહકાર આપે. મકાન સુખ પ્રાપ્ત થાય. સંતાનથી લાભ થાય. લોન-કરજ મળવામાં અડચણ. નાણાંકીય કામ સ્થગિત થાય. દાંપત્ય સુખમાં ઉણપ. નોકરીયાત માટે કઠિન સમય પ્રસાર થાય. વિદ્યાર્થી માટે ધાર્યુ પરિણામ પ્રાપ્ત કરવું કઠીન જણાય. વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ કરવા.

૭. તુલા રાશિ (ર.ત.)

સામાન્ય પ્રકારના રોગો થઈ શકે. કાળજી લેવી. નામાંકીય બાબતે કોઈ પ્રલોભનમાં ફસાઈ તમો તંગી વેઠવાની નોબત ન આવે તો જોવું. સંતાનના ખર્ચાથી હવે રાહત થાય. જીવનસાઓથીને અવારનવાર પ્રવાસ થાય. સ્થાવગર - જંગમ મિલકતની દષ્ટિએ સમય શુભ છે. દાગીના કે કાંઈ ચોરાઈ ન જાય તેની સાવચેતી રાખવી. સંતાનના પરદેશગમન આયોજનમાં તકલીફ ઊભી થાય. ફસામણી ન થાય તે જોવું. સ્ત્રીઓને પરેશાનીનો સમય છે. સાવધ રહેવું. જનમના ગ્રહો શુભ હશે તો જ યશ માન પ્રતિષ્ઠા પ્રાપ્તિનો સમય છે. નવી નોકરી મળી શકે. વિદ્યાર્થી વર્ગ માટે ઉચ્ચ અભ્યાસ અને અનુસ્નાતક કક્ષાના માટે મહેનત ફળતી જણાય.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)

આ સપ્તાહ આપે તબિયતની કાળજી લેવાની રહેશે. વ્યવસાયમાં હાઓથ નીચેના માણસો આપના કામમાં ખલેલ પહોંચાડે. નાણાં ફસાઈ પણ શકે તેનું ધ્યાન રાખવું. સ્થાવર, જંગમ મિલકતની સાવચેતી રાખવી. ઝવેરાત વગેરે ચોરાઈ ન જાય તે જોવું. સ્થાવર મિલકતમાં ફેરફાર થઈ શકે. સંતાનના પરદેશ ગમન પ્રશ્ન સતાવે. વિલંબ થાય. આવક વધે. મકાન અંગે નવા પ્રશ્નો ઉભા થાય. લોન કે ઋણ લેવામાં અચડણ. સ્ત્રીઓ માટે સામાન્ય સમય. નોકરીયાત માટે આ સમય. સામાન્ય પ્રકારનાં રહે. વિવાદ ન કરવા સંતાનના અભ્યાસના પ્રશ્નો વિલંબથી ઉકલે, શનિદેવ ઉપાસના કરવી.

૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)

આ સપ્તાહ આરોગ્ય જળવાય. મોજ-મજા કરી શકો. આવકની દષ્ટિએ સામાન્ય સમય પસાર થાય. માતાની દષ્ટિએ આવક સારી છે. ભાઈ-ભાંડુ કામમાં સહયોગ કરે. સંતાનના પ્રશ્નો ઉચ્ચાટ કરાવે. કાર્યમાં સફળતા ન મળે. તેના વિદ્યાભ્યાસમાં અચડણ. તેઓના મનને સમજવું. મોસાળમાં સહકાર ન મળે. જમીન, મકાન વગેરે માટે થોભો અને રાહ જુઓ. વ્યવસાયમાં આંશિક રાહત જણાય. સંપત્તિમાં ભાગ થાય. સ્ત્રીઓ માટે સંતાનથી વિખવાદ જણાય. નોકરીયાત માટે. નાણાંકીય લાભ પ્રાપ્ત થાય. વિદ્યાર્થી માટે વિચારીને આગળ વધવું. લઘુરુદ્ર યજ્ઞ કરાવવા.

૧૦. મકર રાશિ (ખ.જ.)

આ સપ્તાહ આપની તંદુરસ્તી સામાન્ય પ્રકારની રહેશે. તમારી સ્થાવર, જંગમ મિલકતને છંછેડશો નહી. આવકમાં ઉણપ વર્તાશે. કૌટુંબિક પ્રશ્નો ઉભા થાય. ધર્મકાર્યો કરવા. દાંપત્ય જીવનમાં સ્વાભાવિક ઉગ્રતા પેદા થાય. કૌટુંબિક સંબંધો સુધારવા. વ્યવસાયમાં આપ મદદગાર થશો. સૌને સાથ આપશો. સ્ત્રીઓ માટે સમય શુભ છે. ભાગીદારીથી લાભ થાય. જમીનના પ્રશ્નો ઉકલે. વિદ્યાર્થીઓ માટે પ્રગતિજનક સમય છે. નોકરીયાત માટે પગારમાં વધારો થાય. નાણાંકીય ફાયદો થાય. શનિ ઉપાસના કરવી.

૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)

આ સપ્તાહ આપે આરોગ્યની ચિંતા ન કરવી. શારીરિક સુખાકારીનું ધ્યાન રાખવું. આવકની દષ્ટિએ સમય સાનુકૂળ રહેશે. સાહસિક બની કાર્ય કરવા. આકસ્મિક સફળતા મળે. એક્સપોર્ટ - ઈમ્પોર્ટના વ્યવસાયમાં લાભ. કૌટુંબિક સુખાકારીની દષ્ટિએ મધ્યમ. આર્થિક દષ્ટિએ કસોટીસમય સમય - ધાર્મિક યાત્રા - મુસાફરીમાં કાળજી રાખવી. કાનૂની સમસ્યાથી સંભાળવું. મકાન, વાહનથી ફાયદો થાય. સ્ત્રીઓ માટે મિશ્ર ફળ. વિદ્યાર્થી માટે આત્મવિશ્વાસ વધવાથી સફળતા. નોકરીયાતને અનિશ્ચિત પરિવર્તન યોગ થાય. શિવ ઉપાસના કરવી.

૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)

આ સપ્તાહ આરોગ્ય સુખાકારી સામાન્ય. કૌટુંબિક મનદુઃખ થાય. જો કે સુખ સમૃદ્ધિ વધે. માનસિક શાંતિ મળે. તમારી વિચારધારા સેવાભાવી બનાવશે. કૌટુંબિક વિવાદ ઊભો થાય. પુરુષાર્થથી સફળતા મળશે. ધનવ્યયના યોગ બને. વ્યવસાયિક ખોટો નિર્ણય ન લેવો. કાનૂન સમસ્યાથી સંભાળવું. મકાન, વાહન, સંપત્તિની સ્થિતિ યથાવત રાખવી. લોન ઋણ મળે. ઉઘરાણી ફસાય નહિ તે જોવું. સ્ત્રી વર્ગ માટે ઠીક, માનસિક વ્યગ્રતા રહે. નોકરી હોય તો હિતશત્રુ વધે. વિદ્યાર્થીઓ માટે પેન્ડીંગ કામ થાય. શનિ સ્ત્રોતના પાઠ કરવા.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

### સપ્તાહના તહેવારો - પંચાગ

તા. ૨૯-૦૭-૨૩ કમલા એકાદશી
તા.૩૦-૦૭-૨૩ પ્રદોષ
તા. ૦૧-૦૮-૨૩ થી વ્રતની પૂનમ
તા. ૦૪-૦૮-૨૩ સંકષ્ટ ચતુર્થી

# યુવાનીમાં હું વિધવા થઈ જાઉં જેથી કોઈ વ્યભિચાર વિના ભગવાનનું ભજન કરી શકાય

ગીતાજીમાં કહ્યું છે કે જેમ જેમ માણસ આધ્યાત્મિક ઉન્નતિ કરતો જાય છે, તેમ તેમ તેની અંદરથી ' હું કરી રહ્યો છું 'નો ભાવ મટતો જાય છે. રામકૃષ્ણ પરમહંસ નાનપણમાં પોતાની જાતને રાધા માનતા અને રાધાની જેમ જ કૃષ્ણને ઝંખતા. કૃષ્ણ માટે ભજનો ગાઈને કોઈ સાંભળે નહીં તે રીતે રડતા. ભક્તિમાર્ગમાં પાંચ ભાવો છે. વાત્સલ્યભાવ, સખાભાવ, દાસ્યભાવ, મધુરભાવ અને શાંતભાવ. આ પાંચેય ભાવનો તેમણે પ્રયોગ કરેલો. દક્ષિણેશ્વરમાં તેમણે દાસ્યભાવ અને વાત્સલ્યભાવ ભાવની સાધના સાથોસાથ તેમને કૃષ્ણની ભક્તિ માટે મધુરભાવની સાધના કરવાની ઈચ્છા થઈ. અઢી હજાર વર્ષ પહેલા મહાવીરે જેમ સ્ત્રી-પુરુષમાં ભેદ ન કર્યો તેમ રામકૃષ્ણે પણ નાનપણથી સ્ત્રી-પુરુષમાં કોઈ ભેદ નહોતા જોતા. એમનું માનવું હતું કે રાધા વગર કૃષ્ણને ન પામી શકાય. રાધામાં જે ઓગણીસ ભાવ હતા તે તેમનામાં હતા. તેમાં ખુદ રાધા એક ભાવ છે જે ભાવ સાધકમાં આવે તો જ ઈષ્ટ-દર્શન શક્ય બને છે. એમનું પુરુષનું શરીર કૃષ્ણના દર્શનમાં બાધારૂપ છે તેવું તેઓ માનતા અને એટલે જ આગળના જન્મમાં સ્ત્રીનો અવતાર મળે તેવું ઈચ્છતા. કૃષ્ણને સ્વામી તરીકે પ્રાપ્ત કરવા તેઓ સ્ત્રી વેશ ધારણ કરતા. રામકૃષ્ણ એવું ઈચ્છતા કે આગલા જન્મમાં હું બ્રાહ્મણના ઘરે અવતાર લઉં, મારે લાંબા વાળ હોય, ગોરો વર્ણ હોય, યુવાનીમાં હું વિધવા થઈ જાઉં જેથી કોઈ વ્યભિચાર વિના ભગવાનનું ભજન કરી શકાય !૫ ખેતર જાઉં, શાકભાજી ઉગાડું અને જાતે ગુજારો કરું. તેમનું સુવાનું, ચાલવાનું, બોલવાનું વિગેરેમાં નારી સહજ ચિહ્નો પ્રગટ થતાં. તેઓ સ્ત્રીની જેમ સાડી પહેરતા અને સ્ત્રીઓની સંગાથે રહેતા. મથુરબાબુના ઘરની સ્ત્રીઓને સાચે જ એમ થતું કે તેઓ સ્ત્રી જ છે. જ્યારે વહેલી સવારે ફૂલો ચૂંટવા માટે બગીચામાં આવતા ત્યારે મથુરબાબુ અને હૃદયનાથ જોતા કે, શ્રીઠાકુર સ્ત્રીઓની જેમ જ પહેલાં ડાબો પગ અને ત્યારબાદ જમણો પગ મૂકે છે. ભૈરવી બ્રાહ્મણીએ પણ કહ્યું: 'જ્યારે મેં જોયું કે ઠાકુર ફૂલ ચૂંટી રહ્યા છે તો એમ જ લાગ્યું કે શ્રીરાધાજી ફૂલ ચૂંટી રહ્યાં છે.' આમ, મધુરભાવની સાધના દ્વારા રાધાએ કૃષ્ણને પ્રાપ્ત કર્યા હતા.




શ્રીરામકૃષ્ણની વૃન્દાવન યાત્રા દરમિયાન તેમણે વૈષ્ણવભકતનો વેશ ધારણ કરેલો. આ યાત્રા દરમિયાન વૃન્દાવનના શ્યામકૂંડ, રાધાકૂંડ, યમુનાનો રેતાળ કાંઠો, કદંબના વૃક્ષો, ગાયોના ધણ, ગોવાળિયા, ગોવર્ધન પર્વત દરેકમાં સ્થળે કૃષ્ણ અને રાધાને જોતા અને કહેતાઃ 'હું રાત-દિવસ તારા વિરહમાં 'કૃષ્ણ-કૃષ્ણ' કહીને તડપું છું. મારા આખા શરીરમાં વિરહની આગ લાગે છે. અરે, મારી રગેરગમાં કૃષ્ણ-મિલનની ઝંખના છે. અને મારું રોમેરોમ કૃષ્ણ જ બોલે છે. મારું મન મારું જ નથી રહી શકતું મને બાહ્યભાન જ રહેતું નથી.' વૃન્દાવનના ગંગામાતા તો તેમની ભાવાવસ્થા જોઈને બોલેલાઃ ' આ તો જાણે રાધિકાએ ફરીથી દેહ ધારણ કર્યો હોય એવું લાગે છે !' તેઓ શ્રીરામકૃષ્ણને ' દુલાલી' ( રાધાજીનું લાડકું નામ) કહીને બોલવતાં.

રામના દર્શન કરવા તેમણે દાસ્યભાવે હનુમાનજીની સેવા કરી. રામ દર્શન ની તેમની સાધના દરમિયાન તેમની ચેષ્ટાઓ હનુમાનની માફક થતી. કેડે એક વસ્ત્ર અને એ વસ્ત્રના છેડાને પૂંછડી તરીકે લટકાવતા. કૂદકા મારતા મારતા ચાલવું, ઝાડ ઉપર બેસી રહેવું, છાલ ઉતાર્યા વગર ફળફળાદી ખાવા. હનુમાન પ્રત્યેની તેમની દાસ્યભાવની, તેમની નિષ્ઠા, વિચાર અને વર્તનથી તેમને સીતાજીના દર્શન થયા.

વાત્સલ્ય ભાવે મા કાલીની આરાધના કરી. 'મા' નું ધ્યાન ધરતાં તેમની આંખોમાંથી અસ્ખલિત અશ્રુધારા વહેતી, બાળકની જેમ આક્રંદ કરતા, આંખો સુઝી જતી, કલ્પાંત કરતા, વસ્ત્રો ઉતારી દેતા, જનોઈ બાજુ પર મૂકી દેતા. પુજાના પુષ્પો પોતાને માથે ચઢાવતા, જોર જોરથી ધ્રુજવા માંડતા, ચહેરો જમીન ઉપર રગદડા 'મા', 'મા' ના પુકારો કરતા. એમની આંખો ખૂલી હોય તો ખૂલી જ રહેતી પોપચાં હાલતાં નહીં. કાલીમા સાથે રૂબરૂ સંવાદ કરતા. માથુર બાબુ કહેતા કે તેઓ આપણા ભણી આવતા તો જાણે મા કાલી આવી રહ્યા છે અને પાછા ફરતા તો લાગતું કે ભગવાન શિવ જઈ રહ્યા છે.

તેઓ કોઈ સ્ત્રીને જુએ તો ભાવાવેશમાં તેને જગદંબા માની લેતા. પત્નિ શારદામણિદેવી વિશે રામકૃષ્ણ કહેતા કે ' એ શારદા છે. સરસ્વતી છે, જ્ઞાન દેવા માટે આવી છે, એ મારી શક્તિ છે. '

રામકૃષ્ણના જીવનની સમૃદ્ધ આધ્યાત્મિક ભાવનાને તેમના શિષ્યોએ ' રામકૃષ્ણ કથામૃત ' નામના પુસ્તક થકી પ્રકટ કરી છે. માનવજાતના કલ્યાણ માટે સતત પ્રવૃત આવા અવતારી પુરુષ ઈ.સ.૧૮૩૬ માં અવતર્યા અને ઈ.સ. ૧૮૮૬ માં વિદાય લીધી. આપણા દેશને આવા દિવ્ય માનવરૂપી દૈવી કોટિના અવધૂત મળ્યા એ જ આપણું સદભાગ્ય છે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧